| | |
|---|---|
| દાખલ તારીખ | ૨૩/૧૦/૨૦૨૦ |
| રજીસ્ટરે લીધા તારીખ | ૨૩/૧૦/૨૦૨૦ |
| ફેંસલ તારીખ | ૩૦/૧૧/૨૦૨૪ |
| સમયગાળો | વર્ષ માસ દિવસ<br>૦૪ ૦૧ ૦૭ |

**મહે. ૭ માં એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં.૧૬,અમદાવાદ શહેર.**

| |
|---|
| **ફોજદારી કેસ નંબરઃ -૯૮૩૬/૨૦૨૦** |
| **આંકઃ - 16** |

**ફરીયાદીઃ- શ્રી સરકાર**

(મુળ ફરીયાદીઃ-ચંદ્રેશકુમાર સોનાજી કછવા)

**-- વિરૂધ્ધ --**

**આરોપીઃ- સુરેન્દ્રસીંગ નાગેન્દ્રસીંગ ચૌહાણ,**

રહે.સુંદરસીંગની ચાલી, ભાર્ગવ રોડ, કુબેરનગર, અમદાવાદ.

**ગુન્હોઃ- આઇ. પી. સી.કલમ - ૨૭૯, ૩૩૭, ૩૩૮, ૧૮૮ તથા મોટર વ્હિકલ એક્ટની કલમ - ૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબ.**

| |
|---|
| ફરીયાદી તરફે વિ.એ.પી.પી..શ્રી કે.એસ.ચૌધરી |
| આરોપી તરફે વિ.વ.શ્રી વી.એસ.કુશ્વાહ |

**ચુ કા દો**

(૧) આ કામે ફરિયાદપક્ષનાં કેસની ટૂંકમા હકીકત એવી છે કે,આ કામનાં આરોપીએ તા.૨૬-૧૧-૨૦૧૯ નાં કલાકઃ૧૪-૩૦ વાગ્યાનાં સુમારે પોતાના કબ્જાની મોટર સાયકલ નં.જી.જે.૦૧.યુ.બી.૯૮૧૨ ની પુરઝડપે, બેદરકારી પુર્વક

માણસની જીંદગી જોખમાય તે રીતે મેમ્કો તરફથી બી.આર.ટી.એસ. કોરીડોરમાં ચલાવી લાવી ફરીયાદીનાં પિતા જી.સી.એસ. હોસ્પિટલ બી.આર.ટી.એસ. સ્ટેશન પબ્લીક એન્ટ્રી રોડ ક્રોસ કરતા હતા ત્યારે ટક્કર મારી રોડ ઉપર પાડી દઇ શરીરે તથા મોઢાનાં ભાગે તથા ડાબા પગે ગંભીર પ્રકારની ઈજા કરી ફ્રેક્ચર કરી નાસી જઇ મહે.પોલીસ કમિશ્નરશ્રી–અમદાવાદ શહેરનાઓના જાહેરનામાનો ભંગ કરી આઇ.પી.સી. કલમ– **૨૭૯, ૩૩૭, ૩૩૮, ૧૮૮ તથા મોટર વ્હિકલ એક્ટની કલમ – ૧૭૭, ૧૮૪, ૧૩૪(બી)** મુજબનો ગુના કરેલ છે, જે અંગે પ્રથમ બાતમી અહેવાલ દાખલ કરી, પોલીસે ગુનાની તપાસ કરેલ અને તપાસ દરમિયાન પુરતો પુરાવો મળી આવતા હાલનાં આરોપી વિરૂધ્ધ સી.આર.પી.સી.કલમ–૧૭૩ મુજબનો આખરી રિપોર્ટ/ચાર્જશીટ કોર્ટમાં રજુ કરેલ,જે અન્વયે કોર્ટ દ્વારા સદરહુ ગુનાનું કોગ્નીઝન્સ લઇ આરોપી વિરૂધ્ધ તહોમતનો જવાબ દેવા સમન્સ કરવામાં આવેલ. જે અન્વયે આરોપી કોર્ટમાં હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલ વિના મુલ્યે આપવામાં આવેલી. ત્યારબાદ આરોપીને ગુનાનું તહોમત વાંચી, સંભળાવી આંક–૦૩ થી પ્લી રેકર્ડ કરવામાં આવેલ, જેમા આરોપીએ ગુનો કબુલ ન હોવાનુ જણાવતા કેસ આગળ ચલાવવામાં આવેલ.

**(૨)** આ કામે ફરીયાદપક્ષ તરફે તેના કેસનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખિક તથા દસ્તાવેજી પુરાવાઓ રજુ રાખેલ છે.

**મૌખિક તથા દસ્તાવેજી પુરાવોઃ–**

| **ક્રમ** | **વિગત** | **આંક** |
|---|---|---|
| ૧. | ફરીયાદી ચંદ્રેશકુમાર સોનાજી કછવાની સોગંદ પર જુબાની | ૦૪ |
| ૨. | ફરીયાદ | ૦૫ |
| ૩. | સાહેદ જયમીન ચંપકલાલ કછવાની સોગંદ પર જુબાની | ૦૬ |
| ૪. | સાહેદ સોનાજી કલાજી કછવાની સોગંદ પર જુબાની | ૦૮ |
| ૫. | ગુન્હાવાળી જગ્યાનાં પંચનામાની નકલ | ૦૯ |
| ૬. | સાહેદ ડો.નવીનચંદ્ર મણીલાલ પટેલની સોગંદ પર જુબાની | ૧૧ |
| ૭. | સારવાર સર્ટીફીકેટ | ૧૨ |
| ૮. | સાહેદ પ્રવિણભાઇ નારણભાઇ (મ.સ.ઇ.)ની સોગંદ પર જુબાની | ૧૩ |

| | | |
|---|---|---|
| ૯. | જાહેરનામુ | ૧૪ |
| ૧૦. | ત.ક.અ.વિશ્રામભાઇ સવજીભાઇ (મ.સ.ઇ.)ની સોગંદ પર જુબાની | ૧૫ |

(૩) ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થયા બાદ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૩૧૩ ની જોગવાઇ મુજબ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે,જેમા આરોપીએ ફરીયાદપક્ષનો પુરાવો તેની હાજરીમાં લેવામાં આવેલ હોવાનું જણાવેલ છે તથા અન્ય હકીકત અંગે ઇન્કાર કરેલ છે તેમજ પોતાને બચાવપક્ષનાં સાક્ષી તપાસવા નથી, જાતે જુબાની આપવી નથી તથા કોઇ પુરાવો આપવો નથી તેમ જણાવેલ છે અને વિશેષમાં જણાવેલ છે કે, તેઓની સામે ખોટો કેસ કરેલ છે.

(૪) આ કામે ફરીયાદપક્ષે વિ.એ.પી.પી.શ્રીએ મૌખિક કેસનાં રેકર્ડ મુજબ રજુઆતો કરેલ છે અને આરોપીને દોષિત ઠરાવવા અરજ કરેલ છે તથા આરોપી તરફે તેના વિ.વ.શ્રીએ બચાવમાં દલીલ કરી એવુ જણાવેલ છે કે, આરોપી સામેનાં તહોમત મુજબનો કેસ ફરીયાદપક્ષ પુરવાર કરવામાં નિષ્ફળ રહેલ છે.જેથી આરોપીને નિર્દોષ ઠરાવી છોડી મુકવા જોઇએ.

(૫) હાલનાં કેસની હકીકત, ફરીયાદપક્ષનો પુરાવો, કાયદાકીય જોગવાઇ ધ્યાને લેતા આ કેસનાં નિર્ણય માટે નીચે મુજબનાં મુદ્દા ઉપસ્થિત થાય છે.

**//મુદ્દા//**

(૧) શું ફરીયાદપક્ષ એ હકીકત વ્યાજબની શંકાથી પર સાબીત કરે છે કે, આ કામનાં આરોપીએ તા.૨૬–૧૧–૨૦૧૯ નાં કલાકઃ૧૪–૩૦ વાગ્યાનાં સુમારે પોતાના કબ્જાની મોટર સાયકલ નં.જી.જે.૦૧.યુ.બી.૯૮૧૨ ની પુરઝડપે, બેદરકારી પુર્વક માણસની જીંદગી જોખમાય તે રીતે મેમ્કો તરફથી બી.આર.ટી.એસ. કોરીડોરમાં ચલાવી લાવી ફરીયાદીનાં પિતા જી.સી.એસ. હોસ્પિટલ બી.આર.ટી.એસ. સ્ટેશન પબ્લીક એન્ટ્રી રોડ ક્રોસ કરતા હતા ત્યારે ટક્કર મારી રોડ ઉપર પાડી દઇ શરીરે તથા મોઢાનાં ભાગે તથા ડાબા પગે ગંભીર પ્રકારની ઇજા કરી ફ્રેક્ચર કરી નાસી જઇ મહે.પોલીસ

કમિશ્નરશ્રી–અમદાવાદ શહેરનાઓના જાહેરનામાનો ભંગ કરી આઇ.પી.સી. કલમ– ૨૭૯, ૩૩૭, ૩૩૮, ૧૮૮ તથા મોટર વ્હિકલ એક્ટની કલમ – ૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ?

(૬) ઉપરોક્ત મુદ્દાઓ અંગેનાં મારા નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ.

**// કારણો //**

(૭) **મુદ્દા નં.૧**

(૭.૧) ઉપરોક્ત હકીકતે આ કામનાં મુળ ફરીયાદીએ આ કામનાં આરોપી વિરૂધ્ધ ઇ– ટ્રાફિક પો.સ્ટે.માં ફરીયાદ કરતા હાલનો કેસ ચાર્જશીટનાં આધારે દાખલ થયેલ છે. ફરીયાદપક્ષે તેનો કેસ સાબીત કરવા આ કામે ફરીયાદી ચંદ્રેશકુમાર સોનાજી કછવાનાએ આંક–૦૪ થી જુબાની આપેલ છે અને તેમા એવુ જણાવેલ છે કે, તેઓના પિતાજીનું નામ સોનાજી કલાજી કછવા છે, તેમને તા.૨૬–૧૧–૨૦૧૯ નાં રોજ જી.સી.એસ. હોસ્પિટલ બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડ પાસે પપ્પા બસ સ્ટેન્ડથી નીચે ઉતરતા હતા ત્યારે બપોરનાં અઢી વાગ્યાનાં સુમારે બનેલો. બનાવ સમયે તેઓ તેમના મિત્રને ત્યાં શાહીબાગ હતા. તેઓનો ભત્રીજો જયમીન ત્યાંથી નીકળતા અને તેણે ટોળુ જોયેલુ તો ઈજા પામનાર તેઓના દાદા છે તેવુ જણાતા તેણે તેઓને ફોનથી જાણ કરેલી અને ૧૦૮ બોલાવેલી. તેઓના પિતાને કોઇ બાઇકવાળાએ પુરઝડપે ચલાવી અકસ્માત કરેલો, તેઓના પિતાને બી.આર.ટી.એસ. કોરીડોરની અંદર અકસ્માત થયેલો, ફોન આવતા તેઓ સીધા સિવિલ હોસ્પિટલ–અમદાવાદ પહોંચેલા. તેઓએ જે તે સમયે બાઇકનો નંબર ફરીયાદમાં લખેલો. હાલ યાદ નથી. તેઓને ફરીયાદની નકલ બતાવતા તેમા ફરીયાદી તરીકે પોતાની સહી ઓળખી બતાવી આંક–૦૫ થી પુરાવામાં રજુ કરેલ છે.

આરોપી તરફે વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરતા એ વાત ખરી હોવાનુ

જણાવેલ છે કે, બનાવ બન્યા બાદ તેઓના ભત્રીજાનો ફોન આવતા તેઓ દવાખાને ગયેલા. એ વાત ખરી હોવાનુ જણાવે છે કે, બનાવ તેઓની નજર સામે બનેલ નથી અને બનાવની તેઓને જાત માહિતી નથી.

આમ, ફરીયાદીનો ઉપરોક્ત પુરાવો ધ્યાને લેતા ફરીયાદીનાં પિતાનાં પિતાનો અકસ્માત થયેલ હોવાની હકીકત જણાઇ આવે છે, પરંતુ તે અકસ્માત આ કામનાં આરોપીએ જ બી.આર.ટી.એસ.કોરીડોરમાં પોતાનુ વાહન પુરઝડપે, બેદરકારી અને માણસની જીંદગી જોખમાય તે રીતે ચલાવી ફરીયાદીનાં પિતાનું અકસ્માત કરેલ હોય તેવો પુરાવો ફરીયાદી પોતાની સોગંદ પરની જુબાનીમાં આપતા નથી. વધુમાં ફરીયાદી પોતાની સોગંદ પરની જુબાનીમાં વાહન નંબર જણાવતા નથી કે વાહન ચાલકનું નામ પણ જણાવતા નથી અને તેઓને તેમના ભત્રીજા જયમીને બનાવની જાણ કરેલ હોવાનુ જણાવેલ છે, જ્યારે ઉલટતપાસમાં બનાવ તેઓની નજર સામે બનેલ નથી અને બનાવની તેમને જાત માહિતી ન હોવાનુ કબુલ કરેલ છે. આમ, ફરીયાદીનો ઉપરોક્ત પુરાવો ફરીયાદપક્ષનાં કેસને મદદરૂપ થઇ શકતો નથી.

**(૭.૨)** આ કામે ફરીયાદપક્ષ તરફે સાહેદ જયમીન ચંપકલાલ કછવાનાએ આંક–૦૬ થી જુબાની આપેલ છે અને તેમા એવુ જણાવેલ છે કે, બનાવ તા.૨૬–૧૧–૨૦૧૯ નાં રોજ બપોરનાં બે–અઢી વાગ્યાનાં સુમારે જી.સી.એસ. હોસ્પિટલ, બી.આર.ટી.એસ. બસ સ્ટેન્ડનાં રોડ ઉપર બનેલો. તેઓ તેમના કાકાની ઝેરોક્ષની દુકાને જતા હતા તેઓએ જોયુ તો બધા ટોળુવળી ઉભા હતા તેઓએ જોતા તે તેઓના દાદા હતા અને તેથી તેઓએ કાકાને વાત કરેલી અને ૧૦૮ બોલાવેલી અને સિવિલ હોસ્પિટલ–અમદાવાદ લઇ ગયેલા. ત્યાં બધા વાતો કરતા હતા કે બાઇકથી અકસ્માત થયેલ બાઇકનો નંબર તેઓ જાણતા નથી. મોટર સાયકલ ચાલકને કોર્ટમાં ઓળખી બતાવેલ છે. તેઓના કાકાએ ફરીયાદ આપેલી, પોલીસે તેઓનો જવાબ લીધેલો

આરોપી તરફે વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરતા તેઓ જણાવે છે કે, તેઓની ઉંમર ૧૮ વર્ષની છે. એ વાત ખરી હોવાનુ જણાવે છે કે, તેઓના કાકાની દુકાન જી.સી.એસ. હોસ્પિટલ પાસે આવેલ છે. બનાવ બનેલ તે સમયે તે દુકાન પર જતા

હતા. એ વાત ખરી હોવાનુ જણાવે છે કે, તેઓ અકસ્માત થયેલ ત્યારે જોવા ગયેલ ત્યારે ટોળુ ભેગુ થયેલ હતુ. એ વાત ખરી હોવાનુ જણાવે છે કે, તે સમયે ૧૦૮ આવી ગયેલ હતી. એ વાત ખરી હોવાનુ જણાવે છે કે, આ સિવાય તેઓને જાત માહિતી નથી. અકસ્માત બાદ તેઓ બનાવ સમયે પહોંચેલા. એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે, પોલીસે આરોપીની ઓળખ તેઓની પાસે કરાવેલી નથી.

આમ, આ સાહેદનો ઉપરોક્ત પુરાવો ધ્યાને લેતા તેઓ પણ તેઓના દાદાને અકસ્માત થયેલ હોવાની હકીકતને સમર્થન આપે છે, પરંતુ તે અકસ્માત કરનાર વાહનનો નંબર તેઓ જણાવતા નથી, જ્યારે આરોપીને કોર્ટ રૂબરૂ ઓળખી બતાવેલ છે, પરંતુ ઉલટતપાસમાં કબુલ કરેલ છે કે, પોલીસે આરોપીની ઓળખ તપાસ કરાવેલ નથી અને બનાવ સ્થળે ટોળુ ભેગુ થયેલ ત્યારે તેઓ પહોંચેલ હોવાનુ જણાવેલ છે. આથી આ સાહેદનો પુરાવો પણ ફરીયાદપક્ષનાં કેસને મદદરૂપ થઇ શકતો નથી.

**(૭.૩)** આ કામે ફરીયાદપક્ષ તરફે સાહેદ સોનાજી કલાજી કછવાનાએ આંક–૦૮ થી જુબાની આપેલ છે અને તેમા એવુ જણાવેલ છે કે,ફરીયાદી તેઓનો દિકરો થાય છે, તેઓનો અકસ્માત તા.૨૬–૧૧–૨૦૧૯ નાં રોજ બપોરે અઢી વાગ્યાની આસપાસ તેઓ જી.સી.એસ. દવાખાનાની સામે બ્રીજનાં પાસે આવેલ બી.આર.ટી.એસ. બસમાંથી ઉતરી અને કોરીડોરમાંથી બહાર નીકળેલ અને તે સમયે આરોપી મોટર સાયકલ લઇ અને પુરઝડપે આવેલ અને તેઓની સાથે અકસ્માત કરેલ અને અથડાઇ અને તેઓને પાડી દીધેલ. તેઓને પગ તથા ડાબા પગે ઢીંચણથી નીચેનાં ભાગે ફ્રેક્ચર થયેલ અને શરીરનાં બીજા ભાગે સામાન્ય ઈજા થયેલ હતી, તેઓને સિવિલ હોસ્પિટલમાં સારવાર કરાવેલ.

વધુમાં આ સાહેદને ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ હોસ્ટાઇલ જાહેર કરી ઉલટતપાસમાં પુછી શકાય તેવા સવાલો પુછવાની પરવાનગી માંગતા પરવાનગી આપવામાં આવેલ જેમા આ સાહેદે એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે, તેઓના નિવેદનમાં એવુ લખાવેલ કે, આજુબાજુનાં માણસો તથા તેઓના પૌત્ર જૈમીન આવી જતા તેઓને રોડની સાઇડમાં લાવેલા અને મોટર સાયકલનો ચાલક પણ પડી ગયેલ હતો, તે સમયે ૧૦૮ ને કોઇએ ફોન કરતા તેઓને તથા મોટર

સાયકલ ચાલકને સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે લઇ ગયેલ તેમજ તેઓના પૌત્ર જૈમીન સાથે હતો અને એક્સીડન્ટ કરનાર મોટર સાયકલનોં નંબર તેણે લીધેલ હતો, જે મોટર સાયકલનો નં.જી.જે.૦૧.યુ.બી.૯૮૧૨ હતો તે તેઓને જૈમીને જણાવેલ હતુ.

આરોપી તરફે વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરતા તેઓ એ વાત ખરી હોવાનુ જણાવે છે કે,તેઓ બી.આર.ટી.એસ. રૂટમાંથી ચાલીને આવતા હતા. એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે, જી.સી.એસ. હોસ્પિટલની આસપાસ ઘણી લારીઓ ઉભી રહે છે. એ વાત ખરી હોવાનુ જણાવે છે કે,ચામુંડા બ્રીજ ૨૦૦ મીટર દુર છે અને ચાર રસ્તા આવેલ છે. એ વાત ખરી હોવાનુ જણાવે છે કે,ચામુંડા બ્રીજ પાસે ચાર રસ્તા છે અને આથી ત્યાં કોઇ ઝડપથી વાહન ચલાવી શકે નહી. એ વાત ખરી હોવાનુ જણાવે છે કે,જી.સી.એસ. હોસ્પિટલ સામે તેઓ રોડ ક્રોસ કરતા હતા. એ વાત ખરી હોવાનુ જણાવે છે કે,બી.આર.ટી.એસ.નું સ્ટેન્ડ જી.સી.એસ. હોસ્પિટલથી થોડુ આગળ છે. એ વાત તેઓને યાદ નથી કે, તેઓ બી.આર. ટી.એસ.નો કોરીડોર તુટેલ છે તે ક્રોસ કરી રહેલ હતા. એ વાત ખરી હોવાનુ જણાવે છે કે,તેઓનો પૌત્ર અકસ્માત થઇ ગયેલ પછી આવેલ હતો. એ વાત ખરી હોવાનુ જણાવે છે કે,તેઓને મોટર સાયકલના નંબરની જાણ નથી. એ વાત ખરી હોવાનુ જણાવે છે કે, તેઓને જૈમીન આવેલ તે વાતની ખબર છે.

આમ, આ સાહેદ કે જેઓ ઈજા પામનાર છે તેઓ પોતાની સોગંદ પરની જુબાનીમાં ફરયાદપક્ષના કેસને સમર્થનકારી પુારવો આપતા નથી, ત્યારબાદ ફરીયાદપક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીએ ઉલટતપાસ કરતા તેમા પોતાના પોલીસ રૂબરૂ આપેલ નિવેદનને વળગી રહેલ છે. ત્યારબાદ આરોપી તરપે વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરતા તેઓ કબુલ કરતા જણાવે છે કે, તેઓને મોટર સાઇકલના નંરની જાણ નથી. આમ, આ સાહેદ પોતાના મૌખિક પુરાવામાં વિરોધાભાસી હકીકત જણાવે છે અને તેઓ અકસ્માત થયેલ હોવાની હકીકતને સમર્થન કરે છે, પરંતુ તે અકસ્માત કરનાર ચાલકનું નામ કે વાહનનો નંબર જણાવતા નથી. જેથી આ સાહેદનો પુરાવો પણ ફરીયાદપક્ષનાં કેસને મદદરૂપ થઇ શકે નહી.

(૭.૪) આ કામે ફરીયાદપક્ષે આંક-૦૯ થી બનાવવાળી જગ્યાનાં

પંચનામાની નકલ આરોપી તરફે એડમીટ કરતા ફરીયાદપક્ષ દ્વારા પુરાવામાં રજુ કરેલ છે, પરંતુ તેનાથી ફરીયાદપક્ષનાં કેસને સમર્થન મળતુ નથી કારણ કે તેમા નીચે સહી કરનાર પંચસાહેદોને સદર કામે ફરીયાદપક્ષ દ્વારા સોગંદ ઉપર તપાસવામાં આવેલ નથી. જેથી માત્ર આંક આપી દેવા માત્રથી તેને પુરાવામાં વંચાણે લઈ શકાય નહી.

**(૭.૫)** આ કામે ફરીયાદપક્ષ તરફે સાહેદ ડો.નવીનચંદ્ર મણીલાલ પટેલનાએ આંક–૧૧ થી જુબાની આપેલ છે અને તેમા એવુ જણાવેલ છે કે,તા.૨૬–૧૧–૨૦૧૯ નાં રોજ તેઓ મેડીકલ ઓફીસર તરીકે સિવિલ હોસ્પિટલ અમદાવાદ ખાતે ફરજ બજાવતા હતા ત્યારે બપોરે ૦૨–૫૪ કલાકે સોનાજી કલાજી કછવાને સારવાર માટે આવેલ તેમણે આપેલ ઈતિહાસ મુજબ " આજે કલાક પહેલા જી.સી.એસ.બી.આર.ટી.એસ. ખાતે ચાલતા જતા હતા ત્યારે બાઈકવાળાએ થોકેલ છે." તેમને તપાસતા (૧) માથા ઉપર સોજાવાળી ઈજા હતી (૨) ડાબી આંખ લાલાશ પડતી થયેલ હતી (૩) ડાબી બાજુનાં પગનાં નીચેનાં બંને હાડકાનું ફ્રેક્ચર માલુમ પડેલુ.સદર દર્દીને તે જ દિવસે ડો.જી.એચ.રાઠોડનાં સર્જીકલ યુનિટમાં દાખલ કરવામાં આવેલ અને ત્યાંથી ડોક્ટર એમ.એમ.પ્રભાકરનાં હાડકાનાં વિભાગમાં ટ્રાન્સફર કરવામાં આવેલ.સદર દર્દીને તા.૦૨–૧૨–૨૦૧૯ નાં રોજ હોસ્પિટલમાંથી રજા આપવામાં આવેલી, તેઓનુ નિદાન ડાબા પગનાં બંને મેરીયોલસ હાડકાનું ફ્રેક્ચર અને એન્કલ સબલક્સેસન તેવુ કરવામાં આવેલ, તે અંગેનુ તેઓએ પોતાના હસ્તાક્ષરમાં મેડીકલ સર્ટી તૈયાર કરેલુ, તેની ઓ.સી. કોપીમાં પોતાની સહી ઓળખી બતાવી આંક–૧૨ થી પુરાવામાં રજુ કરેલ છે.તેઓના માનવા મુજબ અકસ્માતનાં કેસમાં આ પ્રકારની ઈજાઓ થઈ શકે.

આરોપી તરફે વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરતા તેઓ જણાવે છે કે, દર્દીને થયેલ તમામ ઈજાઓ ધાબા પરથી પડી જવાથઈ થઇ શકે તે પ્રકારની ન હતી. દર્દીને થયેલ ત્રણેય ઈજાઓ ઉચાઈ પરથી પડવાથી થઇ શકે તે પ્રકારની ન હતી.

આમ, આ ડો.સાહેદનો પુરાવો ધ્યાને લેતા દર્દીએ મોટર સાયકલે અકસ્માત કરેલ હોવાની હિસ્ટ્રી આપેલ છે, પરંતુ તે મોટર સાયકલનો નંબર કે વાહન ચાલકનું વર્ણન કરેલ નથી.

**(૭.૬)** આ કામે ફરીયાદપક્ષ તરફે સાહેદ પ્રવિણભાઇ નારણભાઇ (મ.સ.ઈ.)નાએ આંક–૧૩ થી જુબાની આપેલ છે અને તેમા એવુ જણાવેલ છે કે,તેઓ હાલમાં પોલીસ કમિશ્નરશ્રીની કચેરી–વિશેષ શાખા, શાહીબાગ, અમદાવાદ શહેરમાં એ.એસ.આઇ. તરીકે ફરજ બજાવે છે, વિશેષ શાખા પરમીટ વિભાગનું કામ મહે.પોલીસ કમિશ્નરશ્રીની કચેરી દ્વારા પ્રસિધ્ધ થતા જાહેરનામાને અમદાવાદ શહેરનાં તમામ પો.સ્ટે. તરફ જાહેર જગ્યાએ ચોંટાડવામાં સારૂ તેમજ લાઉડ સ્પીકર વાહન દ્વારા એનાઉન્સ કરવા મોકલવામાં આવે છે, આકાશવાણી, દુરદર્શન કેન્દ્ર, સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ થવા, જનસંપર્ક અધિકારીશ્રી તરફ મોકલવામાં આવે છે, જે આ કામે હથિયારબંધીનું જાહેરનામુ નંબર–ગ/ઉપક/૨૬૩/૨૦૦૯ નું જાહેરનામુ તા.૦૧–૧૦–૨૦૦૯ નાં રોજનું તા.૦૭–૦૮–૨૦૦૯ નાં રોજ પોલીસ કમિશ્નરશ્રી એસ.કે.સાઇકીયા સાહેબ અમદાવાદ શહેરનાં સહી–સિક્કાથી પ્રસિધ્ધ કરેલુ, જે ખરી નકલમાં પી.આઇ. એ–સેક્શન, વિશેષ શાખા, અમદાવાદ શહેરની સહીથી ખરી નકલવાળુ જાહેરનામુ, આ કામે આંક–૧૪ થી પુરાવામાં રજુ કરેલ છે.

આરોપી તરફે વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસ કરતા તેઓ એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે, જાહેરનામામાં અધિકારીએ તેઓની રૂબરૂમાં સહી કરેલ નથી. એ વાત ખરી હોવાનુ જણાવેલ છે કે, જાહેરનામુ તેઓની કચેરીએ કે કોઇ જાહેર જગ્યાએ ચોડીને લગાવેલુ હોય કે લાઉડ સ્પીકરથી તેની જાહેરાત કરેલ કે કેમ ? તેની તેઓને જાત માહિતી નથી.

આમ, આ સાહેદનાં પુરાવામાં આંક–૧૪ થી જાહેરનામુ રજુ થયેલ છે, પરંતુ તે જાહેરનામુ તેઓની કચેરીએ કે કોઇ જાહેર જગ્યાએ ચોડીને લગાવેલુ હોય કે લાઉડ સ્પીકરથી તેની જાહેરાત કરેલ કે કેમ તેની તેઓને જાત માહિતી ન હોવાનુ કબુલ કરેલ છે.

**(૭.૭)** આ કામે ફરીયાદપક્ષ તરફે ત.ક.અ. વિશ્રામભાઇ સવજીભાઇ (મ.સ.ઈ.)નાએ આંક–૧૫ થી જુબાની આપેલ છે અને તેમા એવુ જણાવેલ છે કે, સને–૨૦૧૯ માં તેઓ ઈ–ટ્રાફીક પો.સ્ટે.માં ઇન્વે.માં હે.કો. તરીકે ફરજ બજાવતા હતા ત્યારે તેઓના પો.સ્ટે.માં નોંધાયેલ ગુન્હા

રજી.નં.૮૮/૨૦૧૯,ઇ.પી.કો.કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮,૧૮૮ તથા એમ.વી.એક્ટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) ની આગળની તપાસ પી.એસ.ઓ. તરફથી મળતા તેઓએ સંભાળેલ, તેઓએ તેમની તપાસ દરમ્યાન ગુન્હાવાળી જગ્યાનું બે પંચો રૂબરૂ પંચનામુ કરેલુ તેમજ ગુન્હાવાળી જગ્યાએ હાજર સાહેદોનાં નિવેદનો લીધેલા, ફરીયાદીનાં પિતાજીની સારવાર યાદી પાઠવેલ તેમજ આ ગુન્હાનાં આરોપી મોટર સાયકલ નં.જી.જે.૦૧.યુ.ડી.૯૮૧૨ નાં ચાલક તપાસ કરતા સદર મોટર સાયકલનાં આરોપી હાજર હોય સુરેન્દ્રસિંગ નાગેન્દ્રસિંહ ચૌહાણ રહે.સુંદરસીંગની ચાલી, મેઘાણીનગર, અમદાવાદનાં ગુન્હા સબંધે પુછતાછ કરી તપાસ કરી તેની ધરપકડ કરેલ, આ કામે સિવિલ હોસ્પિટલમાં ઇજા પામનાર સાહેદની સારવારનું સર્ટી મેળવી તપાસનાં કામે સામેલ રાખેલ, આરોપી સામે પુરતો પુરાવો મળી આવતા તેની સામે ઇ.પી.કો.કલમ–૨૭૯, ૩૩૭, ૩૩૮,૧૮૮ તથા એમ.વી.એક્ટની કલમ–૧૭૭, ૧૮૪, ૧૩૪(બી) મુજબનું ચાર્જશીટ કરેલુ.

ત્યારબાદ આરોપી તરફે વિ.વ.શ્રી દ્વારા ઉલટતપાસમાં જનરલ ડીનાઇલ લેવામાં આવેલ છે.

આમ, આ સાહેદની જુબાની જોઇએ તો તેઓ બનાવનાં નજરે જોનાર સાહેદ નથી તેમજ તપાસ દરમ્યાન જે સાહેદોનાં નિવેદનનાં આધારે ચાર્જશીટ કરેલ છે તેઓ ફરીયાદપક્ષનાં કેસને મદદરૂપ પુરાવો આપેલ નથી. આ સાહેદની જુબાનીમાં માત્ર એટલુ પુરવાર થાય છે કે સદર ગુન્હાની ફરીયાદ આધારે તપાસ તેઓએ કરેલ હતી, પરંતુ તેનાથી તે ફરીયાદમાં લખેલ હકીકત ખરી હોવાનુ પુરવાર થતુ નથી.

(૮) આ કામે મુળ ફરીયાદી તથા ઇજા પામનાર સાહેદ ફરીયાદપક્ષનાં કેસને મદદરૂપ પુરાવો આપતા નથી અને આ કામે રજુ થયેલ ફરીયાદ પુરવાર થતી નથી. આ કામે ફરીયાદમાં જે વાહન નંબર લખાવેલ છે તે વાહનનાં માલિક હાલનાં આરોપી હોય કે તેઓ બનાવ સમયે વાહન ચલાવતા હોય તેવુ પણ ફરીયાદપક્ષે પુરવાર કરી શકેલ નથી. ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો ધ્યાને લઇએ તો આરોપી સામેનાં તહોમત મુજબની હકીકત પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ

રહેલ છે. તે તમામ હકીકતો ધ્યાનમાં રાખી તથા આ કામે રજુ થયેલ પુરાવાઓ ધ્યાને લેતા ન્યાયનાં હિતમાં મુદ્દા નં.૧ નો નિર્ણય **નકારમાં** આપવામાં આવે છે.

**<u>મુદ્દા નં.૨</u>**

(૯) ઉપરોક્ત મુદ્દા નં.૧ નો નિર્ણય, કેસ હકીકતને, કાયદાકીય જોગવાઇ, રજુઆતો ધ્યાને લઇ આ કામે ન્યાયનાં હિતમાં મુદ્દા નં.૨ અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## આખરીહુકમ

**૧.** આ કામનાં આરોપી **સુરેન્દ્રસીંગ નાગેન્દ્રસીંગ ચૌહાણ**નાઓને આઇ. પી. સી. કલમ – **૨૭૯, ૩૩૭, ૩૩૮, ૧૮૮ તથા મોટર વ્હિકલ એક્ટની કલમ – ૧૭૭, ૧૮૪, ૧૩૪(બી)** મુજબનાં ગુન્હાનાં તહોમતમાંથી સી.આર.પી.સી. કલમ – ૨૫૫(૧) અન્વયે નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કરવામાં આવેલ છે.

**૨.** આરોપીના જામીન ક્રિ.પ્રો.કો.ની કલમ ૪૩૭(એ) ના હેતુ માટે છ માસ સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામા આવે છે.

આ હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા.૩૦/૧૧/૨૦૨૪

**(સંદિપસિંહ જી.ડોડીયા)**
૭માં એડી.ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૬,અમદાવાદ શહેર.
યુનિક આઇ.ડી. જી.જે.૦૦૯૦૨